

ધી રેલ્વે ભોમીયો



અથવા **ઉતારૂઓને દોરનારં.**

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર.

જહાંગીર સી. મેહેતા.

[illegible] નગર—અમદાવાદ.

કિંમત ૦-૧-૦

ધી રેલવે ભોમીયો

અથવા

ઊતારૂઓને દોરનાર.

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર,

જહાંગીર. સી. મેહેતા.

ઠે. કાળુપર સાકરબજાર—**અમદાવાદ.**

પ્રત ૨૦૦૦.　　　　　　　　સને ૧૯૧૦.

કીં. ૦-૧-૦.

શ્રી સત્યવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સાંકલચંદ હરીલાલે છાપ્યું.
પાંચકુવા નવાદરવાજા—**અમદાવાદ.**

ધી રેલવે ભોમીયો

અથવા

ઊતારૂઓને દોરનાર.

મહેરબાન સદ્‌ગૃહસ્થો.

વિ. વિ. કે આજસુધી આવી જાતનું એક પણ પુસ્તક ગુજરાતીમાં આપણા દેશમાં હસ્તી ધરાવતું નહોતું. અને આપણા દેશી ભાઈઓને હરેક રીતે રેલ્વેમુસાફરી દરમીયાન તસ્દી વેઠવી

પડતી હતી, અને રેલ્વે કાયદા કાનુનથી અજાણ્યા હોવાને લીધે એવડા ખરચમાં ઉતરી પડવું પડતું હતું, તેમજ હરેક રીતની રોકાણો થતી હતી, જેથી મારા "સ્વદેશી" બંધુઓનું દુઃખ ટાળવા અને સીધે રસ્તે દોરી લેઇ જવા જે યત્ન હું મારા જાતિ અનુભવઉપરથી કરવા ધારૂં છું તેમાં મને પુરતી મદદ મળશે એવી આશા છે. ચોપડીની કીંમત જોતાં હરેક ઉતારૂ વર્ગ ખરીદી શકે માટે ફક્ત એક આનો રાખ્યો છે.

સુચના નીચે મુજબ છે.

૧. હરેકોઇ (જંકશન સ્ટેશન) મોટાં સ્ટેશનો ઉપરથી ગાડી ઉપડવાના લગભગ અડધા કલાક અગાઉ ટીકીટો આપવામાં આવે છે.

૨. ટીકીટો ખરીદ કરતી વખતે લોકોની ભીડમાં બહુજ સાવચેતી રાખવી જોઇએ કેમકે એવા

ઉતાવળના સમયે કેટલાક બદમાશ ચોરો પોતાનું નીચ કામ ઘણીજ ચાલાકીથી કરી લે છે.

૩. ટીકીટ લીધા પછી બરોબર તપાસી જોઈ ટીકીટ ઉપરનો નંબર તથા સર્વે વિગત પોતાની ખાનગી ડાયરીમાં લખી લેવી.

૪. દર થર્ડકલાસ ટીકીટ પાછળ બંગાળી શેર પંદર સામાન લઇ જવો જોઇએ અને એથી જો વધુ સામાન હોય તો (લગેજ કલાર્ક) પાસે સામાનનો તોલ કરાવી (વધતા તોલના) પૈસા ભરી પુરેપુરી રસીટ લેવી. જો એમ કરવામાં આપણી કસુર થાય તો જે સ્ટેશને આપણે ઉતરીએ તે સ્ટેશને આપણી પાસે પુરા પૈસા જ્યાંથી આવ્યા હોય તે સ્ટેશનથી રેલ્વે કંપની લેઇ શકે એટલે ટીકીટ પાછળનું પંદર શેર તોલ બીલકુલ કપાય નહિં પણ પુરેપુરા પૈસા લે: વાસ્તે સામાન જો પંદર શેર કરતાં વધુ હોય તો કાયદાની રીતે વ્યવસ્થા કરી રસીટ લેવા ચુકવું નહિં.

૫. ત્રણ વરસની અંદરના બાળકોની મુદ્દલ ટીકીટો લેવામાં આવતી નથી, પણ ત્રણ વરસથી માંડીને તે બાર વરસની અંદર સુધીના છોકરાઓની અડધી ટીકીટ લેવામાં આવે છે, વાસ્તે કાયદામાં ન આવતાં બરોબર ટીકીટો સુચના મુજબ લેવી. નહિતો રેલ્વેકંપની બેવડું ભાડું લે છે, કોઇપણરીતે પૈસા ભરવા પડે તો ભરી દેઇ રીસીટ લેવા ચુકવું નહી, અને જો આપણને એમ માલુમ પડે કે ગેરવ્યાજબીરીતે પૈસા લેવામાં આવ્યા છે તો રેલ્વેના ઉપરી અધિકારીઓ જેવા કે, (મહેરબાન ડીસ્ટ્રીકટ ટ્રાફીક સુપ્રીન્ટેન્ડેન્ટ, ટ્રાફીક સુપ્રીન્ટેન્ડેન્ટ, અથવા તો જનરલ ટ્રાફીક મેનેજર) સાહેબ બાહાદુરોને લેખીત અરજી મોકલવી જેથી જે ખરૂં છે તે ઉપર ધ્યાન આપવામાં આવે છે.

૬. ઘણી વખત ઉતાવળના સમયે આપણાં સગાંસ્નેહીઓ કે જેઓ (પ્લેટફોર્મ) પાસ લેઇ આપણને વળાવવાને આવ્યાં હોય છે તેઓની પાસ ભુલથી આપણી પાસે રહી જાય છે અને

આપણી ખરી ટીકીટ એઓ લેઇને ચાલ્યા જાય છે તો તેવા સમયે ઉતરતી વેળા મુદ્દલ નુ ગભરાતાં રેલ્વેસત્તાવાલાઓને જાહેર કરવું અને ખરી બીનાથી વાકેફ કરવા કે જેમ કરવાથી રેલ્વેકંપની પોતાની તરફથી તાર કરી સઘળી હકીકત પુછાવી તમને છુટા કરે છે તેથી જો સત્ય હોય તો કોઈ રીતે ન ગભરાતાં સઘળી બીનાથી વાકેફ કરવા.

૭. જો મુસાફરી દરમીયાન આપણને એમ માલુમ પડે કે આપણી લીધેલી ટીકીટ ખોવાઇ ગઇ છે તો આપણી પહેલી ફરજ ઉતર્યા કે તરતજ ઝાંપા ઉપર ટીકીટ લેનાર માસ્તર અથવા તો સ્ટેશનમાસ્તરને તરત જાહેર કરવું. એમ કર્યાથી તમારી તરફ લક્ષ આપવામાં આવે છે તો (કલમ ત્રણમાં) બતાવ્યા પ્રમાણે ખોવાયલી ટીકીટનો નંબર જાહેર કરવો, તેમ છતાં જો પૈસા ભરવા પડે તો ભરી દેઇ રીસીટ લેઈ પાછળથી ઉપર બતાવેલા અમલદારો પૈકી (રીફંડ) પૈસા પાછા મેળવવા વિગતવાર અરજી કરવી.

૮. જો તમને એમ માલુમ પડે કે તમારી સાથે બેઠેલા કોઇ અજાણ્યા ઉતારૂ પાસે ટીકીટ નથી, તો તમારી ફરજ એ છે કે તે વાત રેલ્વેસત્તાવાલાઓને તરતજ જાહેર કરવી, કારણ કે વગર ટીકીટે ફરતા બદમાશો કોઈ વખત આપણને ભારી મુસ્કેલીમાં લાવી મુકે છે એટલે એ લોકોનો ધંધો ઘણું કરીને ચાલતી ગાડીએ ચોરી કરવાનોજ છે વાસ્તે ચાલતી ગાડીએ બહુજ સાવચેત રહેવું જોઇએ.

૯. જો તમે છેલ્લી ઘડીયે આવી પહોંચ્યા હો અને ટીકીટ ખરીદવાનો વખત ન હોય તો તે ટ્રેનના ગાર્ડ સાહેબને જાહેર કરી ગાડીમાં બેસવાની રજા લેવી અને હા કહે તોજ બેસવું જેથી તમારા ઉતરવાના સ્ટેશને ગાર્ડ સાહેબ તમને સરટીફીકેટ આપી (સીંગલ) જે ભાડું હોય છે તેજ ભાડુ લેવા ભલામણ કરે છે માટે પરવાનગી લીધા સીવાય ટ્રેનમાં બેસવું નહી.

૧૦. જો ભુલથી અથવા સુઇ રહેવાની ગફલતમાં તમો જે સ્ટેશન જવાના હો તે સ્ટેશનથી આગળ નીકળી ગયા હો તો મુદ્દલ નહી ગભરાતાં ખરી હકીકત જાહેર કરવાથી રેલ્વેકંપની તમને બાકીના પૈસા ન લેતાં સૌથી પહેલી ટ્રેનમાં તમારે મથકે પહોંચાડવા બંધાએલી છે પણ તેની ખાત્રી તમારે કરી આપવી પડે, નહિંતો જાણીજોઇનેજ તમો ટુંકની ટીકીટમાં ઇરાદાપુર્વક લાંબી મુસાફરી કરવા ધારો તો રેલ્વેકંપની તમને જે સ્ટેશન ઉતરવાની ટીકીટ હોય ત્યાંથી જ્યાં આવ્યા હોય ત્યાં સુધીનું બેવડું ભાડું ચાર્જ કરે છે વાસ્તે બનતા સુધી બહુ સાવચેત રહેવું.

૧૧. તમે ટીકીટ ખરીદ કર્યા પછી કંઇપણ જરૂરજોગ રોકાણને લીધે તે દીવસે રહી જવું પડયું હોય તો તે સ્ટેશનમાસ્તર સાહેબને રૂબરૂ મળી તે બીનાથી વાકેફ કરવા અને આપણી અડચણ દરશાવવી, જેથી સ્ટેશનમાસ્તર સાહેબ તે ટીકીટ (નૉન ક્યુઝ્ડ) એટલે પાછી લેવા

ટીકીટ વેચનાર માસ્તરને હુકમ કરે છે અથવાતો તમને કહેશે કે હું તમને સરટીફીકેટ આપું છું. અને તમે અરજી કરો. જેથી તરતજ રેલ્વે અમલદારો ઉપર વિગતવાર અરજી કરવી જેથી પુરતું ધ્યાન આપવામાં આવે છે.

૧૨. જો તમો કંઈ કારણસર રહી ગયા હો અને ટ્રેન ઉપડી ગઇ હોય તો મુદ્દલ ન ગભરાતાં સ્ટેશનમાસ્તર સાહેબને તરતજ ખબર કરવી જેથી તમારો હેવાલ સાંભળી કંપનીના કાયદાની રૂએ તમારા ટ્રેનમાં ચાલી ગએલા સરસામાન સારૂ આગલે સ્ટેશને તાર કરી વ્યવસ્થા કરવા ખબર આપે છે. વધારેમાં જો તમારા કુટુંબીઓની પણ ટીકીટો તમારી પાસે રહી ગઈ હોય તો તે પણ જાહેર કરવાથી આગળ નીકળી જનાર માણસોને પણ ગભરાટમાંથી મુક્ત કરે છે.

૧૩. ગાડીમાં પોતાની જગ્યા લેવા પહેલાં આપણી ફરજ એ છે કે તે ડબો સ્ત્રીઓને સારૂ છે કે નહિ તેની ખાસ તપાસ કરવી. કેમકે રેલ્વેના કાયદા મુજબ સ્ત્રીઓના ડબામાં કોઈ પણ મરદ વર્ગ દાખલ થઇ શકે નહિ તેમજ કોઇપણ (રીઝર્વડ) ડબામાં બેસવાની હઠ કરવી નહિ તેમજ ચાલતી ગાડીએ કોઇ પણ વખત દરવાજો ઉઘાડવાની કોશીશ કરવી નહિ. કારણ કે કંપનીના ગુન્હા તરીકે લેખાય વાસ્તે બહુ સાવચેત રહેવું.

૧૪. જો આપણને એમ માલુમ પડે કે આપણે બેઠા છીએ તે ડબામાં (શીતળા, પ્લેગ, રક્તપીતથી પીડાતા અથવા કોઇ પણ) ચેપી રોગવાલો માણસ બેઠેલો છે તો તરતજ તે ટ્રેનના ગાર્ડસાહેબને ખબર કરવી જેથી કંપનીના કાયદાની રૂએ તે મજકુર માણસને રેલ્વે સત્તાવાલાઓ ઉતારી પાડવા અથવા તો જુદો બેસાડવા બંધાએલા છે.

૧૫. આપણા દરેક ઉતારૂ ભાઇઓએ કોઇ પણ રેલ્વેવાલા સાથે બહુજ નમંનતાઇથી વર્તવું અને તેવીજ રીતનું ફરમાન તે લોકોને પણ કંપનીએ કરેલું છે. અગર જો કોઇ પણ રીતે રેલ્વે સત્તાવાલા ગેરકાયદે કારણ વગર કોઇ પણ ઉતારૂઓનું અપમાન કરે તો ઉપર બતાવેલા મજકુર અમલદારો તરફ અરજી કરવાથી ઇન્સાફ મળે છે.

૧૬. હરકોઇ રેલ્વેના કામદારોને કોઇપણ જાતની (બક્ષીસ અથવા ઇનામ) કબુલ કરવાને સખ્ત મનાઇ છે વાસ્તે કોઇપણ સદ્દગૃહસ્થોએ તેઓને લલચાવવાની કોશીશ કરવી નહિ. નહીતો આપનાર તેમજ લેનાર બંન્ને જણ ગુનેહગાર ઠરે છે તેથી જો પૈસા ભરવાના હોય તો ભરી દેઇ પુરેપુરી રીસીટ લેવી,

૧૭. ઉતારૂવર્ગને ઘણી ખરી ટેવ હોય છે કે પોતાની પાસે બેઠેલા તદન અજાણ્યા ઉતારૂ

સાથે થોડીવારમાં ઘાડી મિત્રાચારી બાંધવામાં આવે છે, તે મિત્રાચારીનો લાભ લેઈ વિશ્વાસઘાત કરી આપણી જરા પણ સરતચુક થતાં આપણો સામાન જેવો કે (નાની પેટી, ટ્રંક અથવા તો પોટલી) જે કંઈ હાથમાં આવે તે લેઈ બીજા સ્ટેશને ઉતરી જાય છે તેથી વિશેષ સાવચેતીથી દોસ્તી કરવી.

૧૮. ઘણીખરી વખતે ચાલતી ટ્રેને બદમાશો પોતે ગરીબ હાલતમાં છે એવું જણાવી પોતાની પાસેની ચીજો જેવી કે (છત્રી, બટન, ચાકુ, વાસણો, ઇત્યાદિ) વેચવાનો ધંધો ચલાવે છે અને ગરીબ કમઅક્કલ ઉતારૂ પોતાને ફાયદો થાય છે એમ સમજી તે ચીજો સસ્તામાં ખરીદી લેછે. પણ એ લોકોની મતલબ બહુજ ઉંડી હોય છે કારણ કે મજકુર ચીજો બીજાઓની ચોરી કરી લાવેલી હોય છે તેથી કાયદાની રૂએ વેચનાર તેમજ લેનાર ભારે આફતમાં આવી પડે છે.

૧૯. ચાલતી ટ્રેને અવશ્ય ખાતરી થયા સિવાય કે પાસે બેઠેલો ઉતારૂ કેવો છે તે જાણ્યા પછીજ આપણી પેટી અથવા પાકીટ બહુ સંભાળથી ખોલવું. નહીંતો એવા બદમાશો, અજાણ્યા થઇ સઘળું જોઇ લે છે ને પાછળથી પોતાનું કામ ઘણીજ ચાલાકીથી કરી લે છે.

૨૦. હરેક વખતે સ્ત્રીઓએ પણ પોતાના (સ્ત્રીઓના ડબામાં) બહુજ સાવચેતી રાખવાની જરૂર છે કારણ કે હલકા જાતની સ્ત્રીઓ જેવી કે (વાઘરણ) પાસે બેસી ડાહી ડાહી વાતો કરી બહુજ ચાલાકીથી પોતાનું કામ કરી લે છે તે એટલે સુધી કે જો જરા સુઇ ગયા તો પગની અંદર પહેરેલાં સાંકળાં અથવા તો ગળામાં પહેરેલી જણસો બહુજ સફાઇથી કાઢી લે છે તેથી વિનંતી છે કે જરા પણ એવો શક જાય તો રેલ્વે સત્તાવાળાઓને તરત ખબર કરવી.

૨૧. ચાલતી ટ્રેને ઘણા ઉતારૂઓને બહાર પગ કહાડીને સુઇ રહેવાની કુટેવ પડી હોય છે પણ

કોઈ વખત સામેની (ક્રાસ) આવતી ટ્રેનથી બહુજ ગંભીર અકસ્માત બનવા પામે છે જેવા કે તે સુનાર આદમીના પગ કપાઇ જાય છે અને જીંદગીનો દુઃખી થઇ જાય છે.

૨૨. અવશ્ય કરીને આપણી સાથે મુસાફરી કરતા બાલકોને કોઇ પણ દીવસ દરવાજાની પાસે બેસાડવા નહિ કેમકે બચ્ચાંઓ ઘણાંજ અટકચાળાં તથા કમઅક્કલ હોય છે અને દરવાજો ઉઘાડ ઢાંક કરતાં ઘણી વખતે સઘળાં આંગળાંના ચુરેચુરા થઇ જાય છે. વિશેષ ઘણીખરી માતાઓને એવી ટેવ હોય છે કે નાનાં બચ્ચાંઓને સાફ કરવા સારૂ ચાલતી ગાડીએ બહાર ધરી પાણીથી સાફ કરે છે, કેટલું બધું જોખમ એમાં સમાયેલું છે કે જરા આડકતરી રીતે આંચકો વાગતાં તે બાલક હાથમાંથી ખોઇ બેસવાનો વખત આવે છે વાસ્તે એવું સાહસ કદી કરવું નહિ.

૨૩. ચાલતી ગાડીએ કોઇ પણ રીતથી દેવતા સળગાવવો નહિ કારણ કે બહુ જોખમ ભરેલું છે અને સરતચુક થએ હવાના સપાટાથી ભયંકર આગ લાગવાનો સંભવ રહે છે તેમજ કંપનીના કાયદાની રૂએ પણ મનાઇ છે.

૨૪. હરેક સ્ટેશને ઉતર્યા પહેલાં આપણી ફરજ એ છે કે પહેલો સવાલ રેલ્વે સત્તાવાલાઓને એમ પુછવું કે આ ગાડી કેટલો વખત થોભશે, અને જવાબ દેવા પણ એ લોકો બંધાએલા છે વાસ્તે પુછ્યા પછીજ કંઇ પણ કામસર નીચે ઉતરવું, નહિ તો ગાડી ઉપડે ઘણી વખત દોડાદોડ થઇ જાય છે અને ઘણા અજ્ઞાન ઉતારૂઓ ચાલતી ટ્રેને ચડવાની કોશીષ કરતાં ભારી જોખમમાં આવી પડે છે અને વખતે પોતાનો અમુલ્ય જીવ પણ ખોઇ બેસે છે વાસ્તે ગાડી ઉપડ્યા પહેલાંજ અંદર બેસી જવું.

૨૫. કોઇ પણ ડબ્બો (રીઝવર્ડ) કરાવવો હોય તો સ્ટેશનમાસ્તરને રૂબરૂ મળી અથવા ચોવીસ કલાક પહેલાં લેખીત ખબર આપી જણાવવું જોઇએ.

૨૬. દરેક સળંગ થર્ડકલાસ ટીકીટ પાછળ સો માઇલે ચોવીસ કલાક રોકાઇ શકાય છે અને જ્યાં ધારીએ ત્યાં ઉતરી શકાય છે, પણ (વીકએન્ડરીટર્ન) ટીકીટ કે જે સસ્તા ભાવે વેચવામાં આવે છે તે ટીકીટથી મુસાફરી દરમીઆન કોઇ પણ ઠેકાણે રસ્તામાં ઉતરાતું નથી, તેમજ કોઇ પણ રીતથી તે ટીકીટના પૈસા પાછા મળી શકતા નથી કારણ કે સાધારણ ટીકીટો કરતાં કંપનીએ એના ભાવ બહુજ ઓછા રાખેલા છે.

૨૭. હરકોઇ થર્ડકલાસ ટીકીટ ધરાવનાર ઉતારૂ વર્ગ મેલટ્રેનમાં મુસાફરી કરી શકતો નથી કારણ કે મેલટ્રેનમાં બધા ડબાઓ (ઇન્ટરમીડીયેટ) વચલા કલાસના જોડવામાં આવે છે પણ મે-

લમાં તે ટીકીટથી જવું હોય તો થર્ડકલાસ ટીકીટ ઉપર વધારાના પૈસા ભરી મેલની ટીકીટ બનાવી શકાય છે અને જુદી રીસીટ વધારેના પૈસા ભર્યાંની આપવામાં આવે છે તેમ કર્યાંથી મેલમાં મુસાફરી કરી શકાય છે.

૨૮. કોઇ પણ સ્ટેશને આવ્યાં પછી સામાન ઉંચકવા સારૂ મજુર જોઇતો હોય તો ગાડીના ટાઇમે (કંપનીના રોકેલા મજુરો) કે જેઓને (લાઇસેંન્સ્ડ કુલી) કહે છે અને જેઓને કંપનીએ હાથ ઉપર બાંધવા સારૂ દરેકને નંબરવાર ચપરાસો આપેલી હોય છે તેવા મજુરોને સામાન સોંપ્યા પહેલાં એ લોકોનો ચપરાસ નંબર નોંધી લેવો જોઇએ, કારણ કે ફાલતુ ફરતા બદમાશો પણ રેલ્વેનો મજુર હોવાનો ઢોંગ કરી સામાન લેઇ ગુમ થઇ જાય છે વાસ્તે બકલ (ચપરાસ) વગરના માણસને સામાન સોંપવો નહિ.

૨૯. હરેક સ્ટેશનઉપર સરકાર તરફથી (કસ્ટમ ડીપાર્ટમેન્ટના) સીપાઇઓ રાખેલા હોય છે તે લોકોનું મુખ્ય કામ પેસેન્જરોનો સામાન તપાસવાનું છે તેથી કાયદા વિરૂદ્ધની કોઇ પણ કેફી ચીજ જેવી કે (દેશીદારૂ, ભાંગ, ગાંજો, અફીણ, ચડસ ઇત્યાદી,) લાવવી લેઇ જવી નહિ અને સામાન જોવા માગે તે વખતે મુદ્દલ આનાકાની ન કરતાં જલદી દેખાડવો કેમકે ખાસ તપાસ સારૂજ સરકારે એ લોકને રાખેલા છે.

૩૦. મુસાફરી દરમીયાન આપણને કોઇ પણ રીતની માહિતી મેળવવી હોય તો સ્ટેશનમાસ્તરને અથવા મોટા જંકશન સ્ટેશનો ઉપર (પ્લેટફાર્મ ઇન્સ્પેકટરો) રાખેલા હોય છે. તે લોકોને, સર્વે ખબર પુરી પાડવા બંધાએલા છે.

૩૧. દર થર્ડકલાસ ટીકીટે બંગાળી શેર પંદર દર (ઇન્ટરમીડીયેટ) ટીકીટે બંગાળી શેર વીસ

એમ પ્રમાણે સામાન સાથે રાખી શકાય છે.

૩૨. આજ કાલની નવીન શોધ પ્રમાણે દરેક ટ્રેનોમાં અને દરેક વર્ગના ડબાઓમાં દરવાજાની ઉપરના ભાગમાં જે સાંકળો રાખેલી હોય છે અને જેનું નામ (ઇમરજેનસી બ્રેક) હોય છે તે સાંકળથી બહુજ સાવચેત રહેવું અને બહુજ અગત્યના કામવગર ખેંચનાર કંપનીના રૂલ મુજબ ગુનેહગાર થાય છે.

૩૩. હરકોઇ ઉતારૂ વર્ગ પોતાની સાથે રાખેલાં જાનવરો (જેવાં કે કુતરા, વાંદરા, પોપટ, ઇત્યાદિ)ની ખાસ જુદી પાસ કરાવવી જોઇએ, નહીંતો કંપનીના કાયદા મુજબ ડબલ ચાર્જ ભરવો પડે છે.

૩૪. હરકોઇ સેકન્ડ કલાસમાં મુસાફરી કરતી બાનુ પોતાની સાથે પોતાની સ્ત્રીનોકરને

(ઇન્ટર મીડીયેટ) વચલા વર્ગની ટીકીટ લેઇ સેકન્ડ ક્લાસમાં બેસાડી શકે છે.

સમાપ્ત.

આ મારી નાની ચોપડી સમાપ્ત કરતા અગાઉ સર્વે સદગૃહસ્થોને વિનંતી છે કે જો કંઇ પણ ભુલ ચુક જણાય તો સુધારી વાંચવા કૃપા કરશો એવી આશા રાખું છું.

લી. છપાવી પ્રસિદ્ધ કરનાર,

જહાંગીર. સી. મેહતા.

ઠે. કાલુપુર સાકરબજાર—અમદાવાદ.

To,

From